| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૪/૦૧/૨૦૨૪ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૪/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૭૨ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૫ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૯૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૫/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## સોનાનુ મંગળસુત્ર ખેંચી તોડી લઇ ગયાઃ- સમાચાર યાદી નં.૧૨૬/૨૦૨૪

**શાહીબાગઃ** ધર્મીષ્ઠાબહેન વા/ઓ સતિષભાઇ પટેલ (ઉ.વ.૫૨)(રહે. ઉર્મી બંગ્લોઝ, મિરાપાર્ક સોસાયટીની બાજુમાં, રક્ષા શક્તિ સર્કલ પાસે, શાહીબાગ) એ તા.૨૩/૦૧/૨૦૨૪ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૧/૨૦૨૪ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે શાહીબાગ ઘેવર સર્કલથી મિરાપાર્ક તરફ જતા ભગવતી જવેલર્સ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ધર્મીષ્ઠાબહેનના ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૧,૭૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૨૭/૨૦૨૪

**ગુજરાત યુનિવર્સીટીઃ** ડૉ.સુષ્માબહેન વા/ઓ રાકેશભાઇ શાહ (રહે.માણેકબાગ સોસાયટી, માણેકબાગ હોલ પાછળ, આંબાવાડી) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૧/૨૦૨૪ બપોરના ૨/૩૦ થી સાંજના ૬/૪૫ વાગ્યા દરમ્યાન AMA હોલના ફુટપાથ ઉપર IIM રોડ ખાતે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી ચીજ વસ્તુઓ અને રોકડ રૂપિયા ૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ.એસ.પઠાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૮/૨૦૨૪**

**ચાંદખેડાઃ** રાજ ઉર્ફે ગુરુ જીતેન્દ્રભાઇ સેનમા (ઉ.વ.૧૪)(રહે.રાજીવગાંધી આવાસ ઔડાના મકાન કેશવ એપાર્ટમેન્ટની બાજુમાં ટી.પી.૪૪ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૧/૨૦૨૪ બપોરના ૩/૩૦ થી સાંજના ૬/૪૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમાલભાઇ સુકાજી ચલાવે છે.

**એરપોર્ટઃ** સરવણ આશુભાઈ મારવાડી (ઉ.વ.૨૦) (રહે.સમર્થનગર મહાકાળી મંદિર પાસે સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૧/૨૦૨૪ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ભીલવાસ કલગીધર હોલના ધાબાના વચ્ચે પીપળાના ઝાડની ડાળ સાથે મફલર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ કલ્યાણસિંહ ચલાવે છે.

**રામોલઃ** પ્રદિપકુમારમહન્તો કૌશલકુમાર (ઉ.વ.૨૯)(રહે. માતૃભક્તિ સોસાયટી કેનાલ પાસે રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૧/૨૦૨૪ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણભાઇ બાબુભાઇ ચલાવે છે.

**ઇસનપુરઃ** ધર્મેન્દ્ર સુભાષભાઈ ઠક્કર (ઉ.વ.૫૪)(રહે.સાકાર ફ્લેટ ચિત્રકુટધામ સોસાયટી મણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૧/૨૦૨૪ રાતના ૯/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ચાવડા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી